Extra No. 224

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI ] FRIDAY, JUNE 20, 2025 / JYAISTHA 30, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**વાંચ્યોઃ**

(૧) ડાયરેકટર જનરલ ઓફ પોલીસના પત્ર ક્રમાંક. ૧૮૬/STB/RB/F.No.34/જાહેરનામુ પ્રસિધ્ધ/૮૮૩/૨૦૨૧. તા.૦૭/૦૯/૨૦૨૧.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગરના પત્ર ક્રમાંક, ટ્રાફીક/ઘાસચારો/જાહેરનામુ/૬૧૫/૨૦૨૫, તા.૧૩/૦૬/૨૦૨૫,

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ગ) અન્વયેનું.**

નં.પી.ઓ.એલ.-૨/જાહેરનામું/ઘાસચારો પ્રતિબંધ/૩૩(૧)(ગ)/વશી-૮૭૦/૨૦૨૫-આમુખ-(૧)ની વિગતે જાહેર રસ્તાઓમાં કેટલાક લોકો ધ્વારા ઘાસચારો વેચતા હોય છે અને જીવદયા પ્રેમીઓ રોડ ઉપર જ વાહનો પાર્ક કરી જાહેરમાં પશુઓને ઘાસચારો ખવડાવતા હોય છે, જે અંતર્ગત આમુખ-(૨) થી પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા ધ્વારા હિંમતનગર શહેરમાં નીચે જણાવેલ સ્થળોએ રખડતા પશુઓને જાહેર રસ્તાની બાજુમાં ઘાસચારો નાખવા ઉપર પ્રતિબંધ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા રજુઆત કરેલ છે.

સબબ, ઉકત હકીકતે જાહેરમાં રખડતા ઢોરો માટે રસ્તા ઉપર ઘાસચારો વેચતા ઈસમો અને રસ્તા ઉપર રખડતા ઢોર જે લોકોના સ્વાસ્થ્ય અને જાહેર માર્ગ સલામતીને ભયરૂપ હોય માર્ગ અકસ્માત નીવારવા અને આમ જનતાની સલામતીના હેતુસર હું લલિતનારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ગ)થી મને મળેલ અધિકારની રૂએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં સમાવિષ્ટ જાહેર સ્થળો, જાહેરમાર્ગ, ફુટપાથ ઉપર કોઈપણ વ્યકિત ધ્વારા ઘાસચારાનું વેચાણ કરવા તથા જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા તે સમગ્ર બાબતો ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

**"જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર"**

| ક્રમ | સ્થળ |
|---|---|
| ૧ | રીલાયન્સ માર્ટ સામે, બેરણા રોડ, હિંમતનગર. |
| ૨ | જુની જીલ્લા પંચાયતની આગળ રેલ્વે ફાટક સામે |
| ૩ | દુર્ગા કોમ્પ્લેક્ષવાળા રેલ્વે ફાટક પાસે |

| ક્રમ | સ્થળ |
|---|---|
| ૪ | સી.સી.શેઠના પેટ્રોલ પંપ સામે ગરનાળા ઉપર |
| ૫ | જેપી મોલની સામે મહાકાલી-ગાયત્રી મંદિર રોડ |
| ૬ | ધાણધા ફાટક પાસે |
| ૭ | છાપરીયા ચોકડી હનુમાનજી મંદિર પાસે |
| ૮ | બળવંતપુરા ફાટક પાસે, ડેમાઈ રોડ |

**"જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો"**

તા.૧૮/૦૬/૨૦૨૫ના કલાક ૦૬-૦૦ કલાકથી તા.૧૭/૦૮/૨૦૨૫ના કલાક ૨૪-૦૦ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

**' જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ"**

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મેં આજ તા.૧૮મી જુન-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો..

**લલિતનારાયણ સિંઘ સાંદુ**
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

-----------------

**વંચાણે લીધુ:**

(૧) નિયામકશ્રી, નશાબંધી અને આબકારી નિયામકની કચેરી, ગાંધીનગરના તા.૩૧/૦૫/૨૫ના પત્ર ક્રમાંક : DPEGND/VDR/e-file/450/2025/1367/Excise-1

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના તા.૦૬/૦૬/૨૦૨૫ના પત્ર ક્રમાંક:એલઆઈબી/ડ્રાય-ડે/પ્રતિબંધ/૮૫૯/૨૦૨૫

(૩) લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫(સી)

**જાહેરનામું**

**ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ની કલમ-૧૪૨ અન્વયેનું**

નં.ડીસી/પીઓએલ-૨/ગ્રામ પંચાયત ચૂંટણી/ડ્રાય ડે જાહેરનામું/વશી/૮૭૬/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫નો ચૂંટણી કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તે તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ યોજાશે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. ભારતના બંધારણના આર્ટીકલ-૩૨૪થી ભારત/રાજયના ચુંટણીપંચને સદર ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે યોજવા માટે સત્તા, ફરજો અને કાર્યો સુપ્રત કરવામાં આવેલા છે. સદર ચૂંટણીઓની પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરવાની થાય છે. વધુમાં, ભારત/રાજયના ચુંટણી આયોગ ધ્વારા ચુંટણીના કાર્યક્રમની જાહેરાત થવાની સાથે ચુંટણીની આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થયો છે. સદર ચૂંટણીઓ મુક્ત, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે રાજ્ય ચુંટણી આયોગની સુચનાઓ અને આપવામાં આવતા નિર્દેશોની અમલવારી કરવાની થાય છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(ક)ની જોગવાઈ અનુસાર આ ચૂંટણીઓમાં દારૂ અને નશાયુક્ત પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તદઅનુસાર મતદાન, મત ગણતરી સહિત તેની આસપાસના કેટલાક દિવસોને " ડ્રાય ડે " તરીકે જાહેર કરવાના રહે છે. જો કે રાજયમાં પૂર્ણ દારૂબંધી અમલમાં છે જ તેમ છતાં જે કોઈ વ્યક્તિ/સંસ્થાઓને દારૂ વેચવા કે પીરસવા માટે પરવાના આપેલ હોય તેઓના આ ધંધા ઉપર પ્રતિબંધ મુકવા આમુખ-(૧) ના પત્રથી જણાવેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી સાબરકાંઠાના આમુખ-(૨)ના પત્રથી સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોની

સામાન્ય/વિભાજન/મધ્યસત્ર તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચુંટણી દરમ્યાન ચૂંટણી હેઠળના મતવિસ્તારમાં "ડ્રાય ડે" જાહેર કરવા અંગે જરૂરી જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે.

સબબ, ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ની કલમ-૧૪૨ની જોગવાઈઓથી મને મળેલ અધિકારની રૂ એ હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.), કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો આથી સાબરકાંઠા જિલ્લાની હદ વિસ્તારમાં ચૂંટણીઓ હેઠળના તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ પોષડોડા તથા વિદેશી દારૂનું પરમીટ ધરાવનારે

(૧) ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫ માટે મતદાનનો સમય પુરો થવાના કલાકને સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૦૬-૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ના સાંજના ૦૬-૦૦ કલાક સુધી (જો પુન: મતદાન કરવાનું થાય તો તા. ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ પણ અમલવારી કરવાની રહેશે). તથા

(૨) ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫ માટે મતગણતરીનો દિવસ એટલે કે તા.૨૫/૦૬/૨૦૨૫નો દિવસ(આખો દિવસ) દારૂ, પોષડોડા કે અન્ય નશાયુક્ત પદાર્થોનું વેચાણ તેમજ પીરસવા, વહેંચણી પર પ્રતિબંધ ફરમાવું છું.

ઉપર્યુકત ફરમાનનો અમલ કરવા સારૂ હું સબંધિત પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારીને અધિકૃત કરૂ છું.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**લલિતનારાયણ સિંઘ સાંદુ**
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

-----------------

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.05 11:36:01 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara